# ૧૯ જુલાઇ – ૨૦૧૬ (મંગળવાર)

**(૧) ગુરૂપૂર્ણિમા :-**

- દર વર્ષે અષાઢ સુદ પુનમે ગુરૂપૂર્ણિમાની ઉજવણી થાય છે.
- ધાર્મિક રીતે ભારે મહાત્મય ધરાવતી ગુરૂપૂર્ણિમાંએ મહર્ષિ વેદવ્યાસનો જન્મ થયો હતો.

**(૨) એકતા વન :**

- આગામી ૪ ઓગસ્ટના રોજ બારડોલીના મોતા ખાતે રાજ્યકક્ષાનું એકતાવન ખુલ્લુ મુકાશે.
- ૬ હેક્ટર જમીનમાં તૈયાર થયેલા એકતાવનમાં દેશના તમામ ૨૯ રાજ્યના પ્રસિદ્ધ વૃક્ષનું વાવેતર કરવામાં આવ્યું છે.
- જેમ કે ગુજરાતનો આંબો, આંધપ્રદેશનો લીમડો, પોંડીચેરીની બિલી, હરિયાળાનો પીપળો, કેરેલાની નારિયેળી અને મધ્યપ્રદેશનો વડ...
- એકતાવનમાં અલગ-અલગ નવ પ્લોટ તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં નવગ્રહવન, નક્ષત્રવન, આમળાવન રાશિવન, કદમવન, કોઠીવન, રહ્યાવન, આજીવિકાવન અને એકતાવન બનાવવામાં આવશે.
- નવગ્રહના ગ્રહ આધારીત છોડ, રાશી વનમાં રાશી આધારીત છોડ અને કમદવનમાં કૃષ્ણકદમ આમળાવન વિગેરે તૈયાર કરવામાં આવશે.
- સરદાર વલ્લભભાઇ પટેલે નાના રાજ્યોને એક કરી અખંડ ભારતની કરેલી રચનાની થીમ પર આ રાજ્યકક્ષાનું વનનું નામ એકતાવન રખાયું છે.
- આગામી ૪ ઓગઉસ્ટના રોજ બારડોલી તાલુકાના મોતા ગામે ૬૭માં વનમહોત્સવ અંતર્ગત એકતાવનનું લોકાર્પણ કરાશે.
- આ ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં નવસારીના વાસંદા ખાતે રાજ્યકક્ષાનું જાનકીવન પણ ફરવા માટેનું ઉત્તમ સ્થળ છે.

પ્રશ્ન :

(૧) ગુજરાતી માસ પ્રમાણે ગુરૂપૂર્ણિમા ક્યારે આવે છે ?
- અષાઢ સુદ પુનમ

(૨) બારડોલીના મોતા ખાતે આગામી ૪ ઓગસ્ટના રોજ કયું રાજ્યકક્ષાનં વન લોકાર્પણ કરાશે ?
- એકતાવન

(૩) કયાં મહાનુભાવના માનમાં રાજ્યકક્ષાનું આ વનનું નામ 'એકતાવન' રખાયું છે ?
- સરદાર પટેલ

(૪) એકતાવનમાં દેશના તમામ ૨૯ રાજ્યના પ્રસિદ્ધા વૃક્ષનું વાવેતર કરવામાં આવશે. તેમા ગુજરાતના કયાં વૃક્ષનો સમાવેશ કરાયો છે ?
- આંબા

(૫) નવસારીના વાસંદા ખાતે બીજું કયું રાજ્યકક્ષાનું વન આવેલ છે ?
- જાનકીવન

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧